ચીખલી પંથકમાં હવામાન વિભાગની વરસાદી આગાહીથી ખેડૂતો ચિંતાતુર

ડાંગર-શેરડીના પાકને બચાવવાની કવાયત

કાપણી કરેલો પાક ખુલ્લો હોય તાડપત્રીથી ઢાંકવાની તજવીજ હાથ ધરાઇ

કમોસમી વરસાદથી કેરી અને શાકભાજીના પાકને નુકસાન થવાની આશંકા

ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી પંથકમાં હાલે ડાંગર અને શેરડીની કાપણી પૂરજોશમાં ચાલતી હોય હવામાન વિભાગની આગાહી વચ્ચે વાદળછાયા વાતાવરણથી જગતના તાતની ચિંતા વધવા પામી છે.

હવામાન વિભાગનાની આગાહી અનુસાર નવસારી જિલ્લા સહિતના વિસ્તારોમાં હળવા વરસાદની સંભાવના છે. સાથે આગામી 3 દિવસ દરમિયાન તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થયો છે. ચીખલી તાલુકામાં કમોસમી વરસાદથી થતા નુકશાનીથી બચવા માટે ખેડૂતોએ ખેતરમાં ડાંગરનો કાપણી કરેલો પાક ખુલ્લો હોય તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડી તેને પ્લાસ્ટિક અને તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવાની તજવીજ હાથ ધરી છે. આ ઉપરાંત હાલે સુગર મીલો અને ગોળના કોલાઓ દ્વારા શેરડીનું કટીંગ પણ પૂરજોશમાં કરાતુ હોય તેવામાં કમોસમી વરસાદથી પાકના વહનની સમસ્યા સાથે કટીંગ પણ અટકી જાય તેવી શક્યતા ઊભી થવા પામી છે.

ચીખલી તાલુકામાં ખેડૂતો દ્વારા આંબાવાડીઓની સાફ-સફાઈ કરી વાડીઓને ખેડીને તૈયાર કરવામાં આવી રહી છે. હાલમાં આંબાવાડીઓમાં પીલવણી પૂરજોશમાં છે. કેટલાક ખેડૂતો દ્વારા આંબાવાડીઓમાં ખાતર આપી જંતુનાશક છંટકાવ પણ કરવામાં આવ્યો છે. તેવામાં વરસાદ થાય તો આંબાવાડીઓમાં જીવજંતુઓનું પ્રમાણ વધવાની શક્યતા સાથે આંબાવાડીઓમાં આમ્ર મંજરી પણ મોડેથી છે જેને પગલે કેરીનો પાક પણ મોડો જશે. આ ઉપરાંત ચીકુના ઝાડો પર પણ ફુલ નાશ થવાની સ્થિતિ ઉભી થઇ શકે તેમ છે.

તાલુકામાં ખેડૂતોનો આટલો પાક તૈયાર

તાલુકામાં ખેડૂતો દ્વારા હાલમાં ડાંગર ઉપરાંત, શેરડી, સુરણ, રતાળુ કન, હળદર, કેળ અને શાકભાજી સહિતના પાકો પણ ખેતરમાં તૈયાર થઈ ગયા છે. એવામાં જો કો મોસમી વરસાદ પડે તો નુકસાન થવાની શક્યતા રહેલી છે. જેને પગલે જગતનો તાત હાલ ચિંતાતુર જોવા મળી રહ્યો છે.

વરસાદ થાય તો શેરડીના કટીંગ ઉપર પણ અસર થાય

તલાવચોરાના ખેડૂત અગ્રણી રમેશભાઈના જણાવ્યા અનુસાર જણાવ્યા અનુસાર હવામાન વિભાગ દ્વારા ૨ થી ૩ દિવસ સુધી કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. અને છેલ્લા ત્રણ દિવસથી વાદળછાયા વાતાવરણને પગલે ખેતરમાં ઉભેલા ડાંગરનો પાક અને કેટલાક ખેડૂતો દ્વારા કાપણી પણ કરવામાં આવી છે. એ ખેતરમાં હોય કમોસમી વરસાદને પગલે મોટું નુકસાન થવાની શક્યતા રહેલી છે. ઉપરાંત સુગર ફેક્ટરીઓ દ્વારા શેરડીનું કટીંગ પણ શરૂ કરવામાં આવ્યું છે. વરસાદ થાય તો શેરડીના કટીંગ ઉપર પણ અસર થાય. અને ખેતરોમાં શેરડીના વહન માટે વાહન ન જતા શેરડી કટીંગ બંધ કરવાની પણ ફરજ પડી શકે એમ છે.

નવસારીમાં મહિલા ચોર ગેંગનો ફિલ્મી કાંડ સીસીટીવી ફૂટેજમાં દેખાયો

મહિલા ગેંગ 10 મિનિટમાં રૂપિયા 1.25 લાખની રોકડ ચોરી ગઇ

વહેલી સવારે સ્ટેશન રોડ પરની રેડિમેડ કપડાંની દુકાનનું શટર ઊંચું કરી ઘૂસેલી ૬ મહિલાએ ૧૦ મિનિટમાં ખેલ કર્યો

નવસારી: નવસારીના ગોલવાડ સ્ટેશન રોડ પર વહેલી સવારે મહિલા ચોર ટોળકીએ જાણે ફિલ્મી ઢબે ચોરીને અંજામ આપ્યો હતો. મદ્રેસા હાઈસ્કૂલ સામે આવેલી ‘બ્લેન્કોરા’ રેડિમેડ કપડાંની દુકાનને નિશાન બનાવી છ મહિલાઓએ શટર વચ્ચેથી ઊંચું કર્યું હતું અને એક યુવતીને દુકાનમાં પ્રવેશ કરાવી કાઉન્ટરનું ડ્રોઅર તોડી રૂપિયા 1.25 લાખની રોકડ ચોરી કરી પલાયન થઈ ગઈ હતી. આશરે 10 મિનિટમાં આખી ઘટનાને અંજામ આપતી આ ટોળકીની કરતૂત CCTV કેમેરામાં કેદ થઈ છે.

દુકાનના સંચાલક નરેશ ઉર્ફે શુભમ રાજમલ કલાલે નોંધાવેલી ફરિયાદ મુજબ, રાત્રે દુકાન બંધ કરતી વખતે તહેવારોના વેપારની રૂપિયા 1.25 લાખની રોકડ કાઉન્ટરના ડ્રોઅરમાં મૂકીને લોક કરી હતી.

સવારે દુકાન ખોલતાં ડ્રોઅર તૂટેલી હાલતમાં મળ્યું હતું અને રોકડ ગાયબ હતી. CCTV ફૂટેજ તપાસતાં સવારે 5:20થી 5:30 વાગ્યાની વચ્ચે પંજાબી સૂટ પહેરેલી છ મહિલાઓ દુકાન પાસે આવી હોવાનું જણાયું હતું. જેમાંથી ત્રણ મહિલાઓએ શટર વચ્ચેથી ઊંચું કર્યું હતું, જ્યારે અન્ય મહિલાઓ બહાર રહીને વોચ રાખતી હતી. આ દરમિયાન આશરે 20 વર્ષની પાતળી બાંધાની યુવતી શટર નીચેથી અંદર ઘૂસી હતી અને ચાકુ વડે ડ્રોઅર તોડી રોકડ રકમ સેરવી લીધી હતી. ત્યારબાદ તમામ મહિલાઓ રેલવે સ્ટેશન તરફ ફરાર થઈ ગઈ હતી.

બનાવ અંગે નવસારી ટાઉન પોલીસે ગુનો નોંધી પીએસઆઈ મનોજ આનંદરાવ ચૌહાણે CCTV ફૂટેજના આધારે મહિલા ગેંગની શોધખોળ શરૂ કરી છે. લાંબા સમય બાદ ટાઉન પોલીસ મથકની હદમાં શહેરના ધમધમતા સ્ટેશન રોડ પર ચોરીની ઘટના બનતાં વેપારી વર્ગમાં ફફડાટ ફેલાયો છે. મુખ્ય માર્ગ પર આવેલી દુકાનને નિશાન બનાવી મહિલા ટોળકી રોકડ રકમ સાથે રફુચક્કર થઈ જતાં પોલીસ પેટ્રોલિંગને લઈને પણ ચર્ચા તેજ બની છે.

સંક્ષિપ્ત સમાચાર

સરદાર પટેલની જન્મજયંતિ અને સ્વ. ઇન્દિરા ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે ડાંગમાં કાર્યક્રમ યોજાયો

ગીરીશ ભોયે

સાપુતારા : 31મી ઓક્ટોબરના રોજ અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે ઉજવાતા ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ તેમજ દેશનાં પ્રથમ મહિલા વડાપ્રધાન અને ‘આયર્ન લેડી’ તરીકે ઓળખાતા સ્વ. ઇન્દિરા ગાંધીજીની પુણ્યતિથિ નિમિત્તે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આહવા ખાતે સંયુક્ત શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમની શરૂઆતમાં ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિના હોદ્દેદારોએ શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ પ્રસંગે તાલુકા પંચાયતનાં સદસ્ય જીગ્નેશ સોલંકીએ જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે પોતાની દૃઢ ઇચ્છાશક્તિ, કુશળ વહીવટી ક્ષમતા અને રાજકીય સૂઝબૂઝના બળે 500થી વધુ રજવાડાઓને એકત્રિત કરીને અખંડ ભારતના નિર્માણમાં ઐતિહાસિક ભૂમિકા ભજવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સ્વ. ઇન્દિરા ગાંધીજીનું નેતૃત્વ દેશના ઇતિહાસમાં વિશેષ સ્થાન ધરાવે છે. બેંકોનું રાષ્ટ્રીયકરણ, હરિયાળી ક્રાંતિને વેગ આપવા સહિતના તેમના અનેક ઐતિહાસિક નિર્ણયો દેશના વિકાસમાં મહત્ત્વપૂર્ણ રહ્યા હતા. આ કાર્યક્રમના અંતે ડાંગ જિલ્લા કોંગ્રેસે બંને મહાનુભાવોના જીવન અને રાષ્ટ્રપ્રતિના યોગદાનમાંથી પ્રેરણા મેળવી બંધારણીય મૂલ્યોનું જતન કરવા માટે કટિબદ્ધ રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

વલસાડમાં સહકારી સંઘની ચૂંટણીમાં બિનહરીફ નિમણૂકો

વલસાડ : વલસાડમાં જિલ્લા સહકારી સંઘ, જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ અને તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘના હોદ્દેદારોની બિનહરીફ વરણી કરવામાં આવી છે. વલસાડ જિલ્લા સહકારી સંઘ પ્રમુખ તરીકે પંકજકુમાર જયંતીલાલ પટેલ, ઉપપ્રમુખ તરીકે કિરણભાઈ મગનભાઈ પટેલ અને માનદ મંત્રી તરીકે મુકેશભાઈ વ્રજલાલ પાનવાલાની વરણી થઈ છે. વલસાડ જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ પ્રમુખ પદે જયંતીભાઈ ઉકાભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે કિશોરભાઈ ઠાકોરભાઈ પટેલ અને માનદ મંત્રી તરીકે નટુભાઈ મણીભાઈ નાયકની નિમણૂક થઈ છે. વલસાડ તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ પંકજ પટેલની પ્રમુખ તરીકે અને નૈલેષભાઈ છનાભાઈ પટેલની ઉપપ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી છે.

નવસારીમાં ગરમીથી લોકો પરેશાન તાપમાન 33.8 ડિગ્રીને પાર

નવસારી : નવસારી જિલ્લામાં ઋતુના બદલાતા મિજાજ વચ્ચે ગરમીની સાથે ભેજનું પ્રમાણ પણ ઊંચું રહેતાં નાગરિકોને બફારાનો સામનો કરવો પડી રહ્યો છે. નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા દૈનિક આંકડા મુજબ, શહેરમાં મહત્તમ તાપમાન 33.8 ડિગ્રી જ્યારે લઘુત્તમ તાપમાન 25.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ખાસ કરીને સવારના સમયે વાતાવરણમાં ભેજનું પ્રમાણ 98 ટકા જેટલું ઊંચું રહેતાં હવામાં ભારે ભેજ વર્તાયો હતો. બપોરના સમયે તાપમાન વધતાં ગરમી અને ઉકળાટની અસર વધુ અનુભવાઈ હતી. સાંજના સમયે ભેજનું પ્રમાણ ઘટીને 64 ટકા નોંધાયું હતું. હવામાન વિભાગના આંકડા મુજબ દિવસ દરમિયાન પવનની ગતિ 1.9 કિમી પ્રતિ કલાક રહી હતી અને પવન ઉત્તર-પશ્ચિમ દિશામાંથી ફૂંકાયો હતો. પવનની ધીમી ગતિ અને ભેજના ઊંચા પ્રમાણને કારણે વાતાવરણમાં ગરમાશ યથાવત રહી હતી. આ ફેરફારોને પગલે ખેડૂતોને ખેતીપાકોમાં રોગચાળા અને જીવાતના ઉપદ્રવ અંગે તકેદારીની જરૂર છે.

સામી દિવાળીએ અતુલ પંચાયતના સફાઈ કામદારો હડતાળ પર ઉતર્યા

દિવાળીએ પગાર અને બોનસ ન મળતા આર્થિક સંકડામણથી ઘેરાયેલા કર્મચારીઓનું ધરણા પ્રદર્શન

વલસાડ : દિવાળીનો તહેવાર નજીક હોય સરકારી નિયમો મુજબ મળવાપાત્ર પગાર, દિવાળી બોનસ કે એડવાન્સ રકમ સમયસર ન ચૂકવાતા આર્થિક સંકડામણથી ઘેરાયેલા વલસાડ તાલુકાની અતુલ ગ્રામ પંચાયતના સફાઈ કામદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સફાઈ કામદારોએ પંચાયત સામે વિરોધનું બ્યુગલ ફૂંક્યું છે અને ધરણા પ્રદર્શન શરૂ કર્યા છે.

મળતી માહિતી મુજબ, અતુલ ગ્રામ પંચાયતમાં ફરજ બજવતા ગરીબ સફાઈ કર્મચારીઓને તહેવારના ટાણે જ પોતાના હકના નાણાં માટે વલખાં મારવાનો વારો આવ્યો છે. સરકારી નિયમ અનુસાર ચૂકવવાપાત્ર થતી રકમ તેમજ દિવાળી બોનસ કે એડવાન્સ આપવા અંગે પંચાયત તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી ન કરાતાં કર્મચારીઓની દિવાળી સુધરવાને બદલે બગડે તેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે.

આર્થિક તંગીથી કંટાળીને તમામ સફાઈ કામદારોએ એકજૂથ થઈને ધરણા શરૂ કર્યા છે. કર્મચારીઓએ મક્કમ સુર વ્યક્ત કરતા જણાવ્યું છે કે, જ્યાં સુધી અમારી વ્યાજબી માંગણીઓ પૂરી કરવામાં નહીં આવે અને હકના નાણાં નહીં ચૂકવાય, ત્યાં સુધી આ વિરોધ પ્રદર્શન અને ધરણા આંદોલન યથાવત રહેશે. તહેવારના સમયે જ સફાઈ કર્મચારીઓ હડતાળ અને ધરણા પર ઊતરતા ગ્રામ પંચાયત વિસ્તારમાં સફાઈ કામગીરી ખોરવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

નવસારી હાઈવે પર પૂરઝડપી કારે અડફેટે લેતા પદયાત્રી યુવકનું મોત

નાશિકથી પિતા સાથે ટેમ્પોમાં આવેલા યુવકનું રોડ ક્રોસ કરતી વખતે અકસ્માતમાં કરુણ મોત

નવસારી: જલાલપોર તાલુકાના આરક-રણોદ્રા ગામની સીમમાંથી પસાર થતા નેશનલ હાઈવે-48 પર પૂરઝડપે દોડી રહેલી અજાણી કારે રોડ ક્રોસ કરી રહેલા યુવકને અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ કારચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો, જ્યારે ગંભીર રીતે ઘવાયેલા યુવકનું સારવાર દરમિયાન મોત નીપજતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી.

મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના ચાંદુરી ગામના વતની નવાબ બનેમીયા ઈનામદાર (ઉં.વ. 68) પોતાના પુત્ર નદીમ સાથે આઈસર ટેમ્પોમાં સામાન ભરી નવસારી આવ્યા હતા. ગત 29 ઓક્ટોબરે સાંજે આરક-રણોદ્રા ખાતે આવેલી એ.સી.પી.એલ. કંપની સામે ટેમ્પો પાર્ક કર્યા બાદ પિતા-પુત્ર જમવા જવા માટે પગપાળા હાઈવે ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન અમદાવાદથી મુંબઈ તરફ જતી અજાણી ફોરવ્હીલર કારના ચાલકે પૂરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન હંકારી નદીમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં નદીમને ગંભીર ઈજાઓ પહોંચતા મોત નીપજ્યું હતું. બનાવ અંગે પીએસઆઈ એમ.એ. મોડે ફરાર કારચાલકની શોધખોળ હાથ ધરી છે.

ડુંગરામાં ટેમ્પો પાર્ક કરવા બાબતે સંચાલક પર હુમલો

માલ ભરવા બાબતે થયેલી સામાન્ય બોલાચાલી ઉગ્ર બનતા ત્રણ શખ્સે યુવક અને તેના ભાઈને માર માર્યો

વાપી : વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગત અનુસાર, મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ વાપીના કરવડ ખાતે આવેલા સાંઇધામ બિલ્ડિંગમાં રહેતા ૧૯ વર્ષીય પ્રિતમ કમલેશ સિંહના મોટા ભાઈનું ડુંગરી ફળિયા, પાર્લે ગલી, પ્રેમ હાઉસની પાછળ ભંગારનું ગોડાઉન આવેલું છે. ગત તા. ૨૭-૧૦-૨૦૨૬ના રોજ પ્રિતમ ત્યાં ટેમ્પોમાં માલ ભરાવવા આવ્યા હતા. આ દરમિયાન બાજુના ગોડાઉનવાળા નિશાર એહમદ અબ્બાસ ખાને ટેમ્પો રોડ પર મૂકવા બાબતે તકરાર કરી હતી અને રસ્તો બંધ થવાની તથા રોડ પરનો માલ પહેલા ભરવા બાબતે બોલાચાલી કરી હતી. આ વાતચીત દરમિયાન મામલો ઉગ્ર બન્યો હતો અને ઉશ્કેરાઈ ગયેલા નિશારના ભાઈના દીકરા સરવર આલમ દોસ્તમહમદ ખાને પ્રિતમના હાથ પર પ્લાસ્ટિકની પાઈપથી હુમલો કરી દીધો હતો.

દરમિયાન, પ્રિતમના મોટા ભાઈ પવન ત્યાં દોડી આવતા આલમ ખાને તેમને લાકડા વડે માર માર્યો હતો અને નિશારના પુત્ર અબ્દુલ આખીરે તેમની સાથે ઢીક્કામુક્કી કરી હતી. આ મારામારીમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા પ્રિતમને સારવાર માટે તાત્કાલિક વાપીની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે પ્રિતમ સિંહે વાપી ડુંગરા પોલીસ મથકે (૧) સરવર આલમ દોસ્ત મહંમદ ખાન (રહે. કરવડ), (૨) નિશાર એહમદ અબ્બાસ ખાન અને (૩) અબ્દુલ આખીર નિશાર એહમદ ખાન (બંને રહે. ડુંગરા) સામે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

દિવાળી ટાણે દુર્ઘટનાને પહોંચી વળવા દુકાનમાં આગની મોકડ્રિલ

ડાંગ જિલ્લા પોલીસ અને તંત્ર દ્વારા નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા પૂર્વતૈયારી અપનાવાઈ

ગીરીશ ભોયે

સાપુતારા : આગામી દિવાળીના તહેવારો દરમિયાન આગના સંભવિત બનાવોને ધ્યાનમાં રાખીને નાગરિકોની સુરક્ષા અને સલામતી સુનિશ્ચિત કરવા ડાંગ જિલ્લા પોલીસ અને તંત્ર દ્વારા મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ અને નાયબ પોલીસ અધિક્ષક કે. આર. ડીમરીના માર્ગદર્શન હેઠળ આ મોકડ્રિલ યોજાઈ હતી. દિવાળીના તહેવારોમાં ફટાકડાનું વેચાણ, સંગ્રહ અને ફોડતી વખતે આગ લાગવાની સંભાવના રહે છે. આ પરિસ્થિતિમાં ડાંગ જિલ્લામાં મોકડ્રિલ કરાઈ હતી. આહવાના કેશવ કોમ્પ્લેક્સ સ્થિત ફટાકડાની દુકાનમાં આગ લાગ્યાનું કૃત્રિમ દશ્ય સર્જીને બચાવ કામગીરીનું નિદર્શન કરાયું હતું. ઘટનાની જાણ થતાં જ આહવાના ઈન્ચાર્જ કે. બી. શાંખલા, એસ.ઓ.જી. પી.એસ.આઈ. એમ. જી. શેખ, એલ.સી.બી. ઈન્ચાર્જ જે. જી. અનડકટ તેમજ અધિકારીઓ દોડી આવ્યા હતા અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી કરી હતી.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909

વલસાડ શહેરી વિભાગીય કચેરી

કન્ટ્રી ક્લબ રિસોર્ટ, વશીયર વેલી સામે, પો.-વશીયર વલસાડ - ૩૬૬૦૦૭.

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની સુચના

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખનાં રોજ અગત્યનું સમારકામ હોવાથી વિદ્યુત પુરવઠો બંધ રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/વાર	સમય
૧	૬૬ કે.વી. ગુંદલાવ	૧૧ કે.વી. મુળી	વલસાડ ઇન્ડસ્ટ્રીયલ	(૦૨૬૩૨) ૨૩૬૬૦૦	૦૨.૧૧.૨૦૨૬ (સોમવાર)	૯:૦૦ થી ૧૩:૦૦
૨	૬૬ કે.વી. વલસાડ સિટી	૧૧ કે.વી. સેગવી	કોસ્ટલ	(૦૨૬૩૨) ૨૪૪૧૫૭	૦૨.૧૧.૨૦૨૬ (સોમવાર)	૯:૦૦ થી ૧૩:૦૦
૩	૬૬ કે.વી. અટક પારડી	૧૧ કે.વી. અબ્રામા	અતુલ	૬૩૫૭૬૦૫૬૯૧	૦૨.૧૧.૨૦૨૬ (સોમવાર)	૯:૦૦ થી ૧૩:૦૦
૪		૧૧ કે.વી. અટકપારડી એ.જી.				
૫	૬૬ કે.વી. ભાગડાવાડા	૧૧ કે.વી. લાઇટ હાઉસ	કોસ્ટલ	(૦૨૬૩૨) ૨૪૪૧૫૭	૦૩.૧૧.૨૦૨૬ (મંગળવાર)	૯:૦૦ થી ૧૩:૦૦

નોંધ: સમારકામ પૂર્ણ થયેથી કોઈ પણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.

કાર્યપાલક ઇજનેર (સં અને નિ.), વલસાડ (શહેરી) વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી. / ઇ.એલ.સી.બી. / આર.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909

નવસારી શહેરી વિભાગીય કચેરી, બનાતવાલા સ્કૂલ ની બાજુમાં, દુધિયા તળાવ, નવસારી - ૩૯૬૪૪૫

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (ક ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનંવતા ગ્રાહકોને જણાવવાનું નીચે જણાવેલ ફીડરો ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી નીચે આપેલ તારીખ અને સમયે વીજ પુરવઠો મળી શકશે નહી. જેની અમારા માનવંતા ગ્રાહકોને નોધ લેવા વિનંતી છે. સમારકામ પુર્ણ થયેથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે જેની નોંધ લઇ સહકાર આપવા વિનતી.

અ નં	સબ-સ્ટેશન	ફીડરનું નામ	સબ-ડીવીઝન	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ /વાર	સમય
૧	૬૬ કે.વી નવસારી સીટી	૧૧ કે.વી એસ.ટી ડેપો	નવસારીપૂર્વ	૯૮૭૯૨૦૧૦૭૭	૦૨.૧૧.૨૦૨૬	૮:૩૦ થી ૧૪:૦૦
૨	૬૬ કે.વી છાપરા	૧૧ કે.વી જમાલપોર	નવસારીપૂર્વ	૯૮૭૯૨૦૧૦૭૭	૦૪.૧૧.૨૦૨૬	૮:૩૦ થી ૧૪:૦૦
૩	૬૬ કે.વી છાપરા	૧૧ કે.વી. પ્રતીક્ષા સોસાયટી	નવસારીપૂર્વ	૯૮૭૯૨૦૧૦૭૭	૦૫.૧૧.૨૦૨૬	૮:૩૦ થી ૧૪:૦૦

નોંધઃ સમારકામ પુર્ણ થયેથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે જેની નોંધ લઇ સહકાર આપવા વિનતી.

કાર્યપાલક ઇજનેર (સં અને નિ)નવસારી. શહેરી વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.

ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો